**– : : આંક–૧ હેઠળ હુકમ : : –**

(૧) આ કામના અરજદાર ધ્વારા હાલની અરજી આ કામના સામાવાળા વિરૂધ્ધ માણાવદર પો.સ્ટે. ધ્વારા તેઓની અરજી લગત યોગ્ય કાર્યવાહી કરેલ ન હોય, સબબ સામાવાળા વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ–૧૨૦(બી), ૧૯૧, ૧૯૨, ૧૯૬, ૪૨૦, ૪૬૪, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧,૪૭૪ અન્વયે ખાનગી ફરીયાદ દાખલ કરી તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા સંબધિત કરવામાં આવેલ છે.

(૨) આ કામના અરજદાર તેઓની અરજી મુજબની હકીકતે જણાવેલ છે કે, ફરીયાદી તથા આરોપી ફરીયાદમાં મથાળે જણાવેલ સરનામે રહે છે. ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ તા.૨૦/૭/૨૦૧૯ ના રોજ માણાવદર પો.સ્ટે.માં ફરીયાદ કરેલ હતી પરંતુ ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આ કામના આરોપી ખુબજ પૈસાદાર અને રાજકીય વગ ધરાવતી વ્યકિત હોય, આથી માણાવદર પોલીસે આ કામના આરોપી વિરૂધ્ધ કોઈ પણ જાતની કામગીરી કરેલ નહી કે તેઓની ફરીયાદ અનુસંધાને શુ કાર્યવાહી કરવામાં આવેલ છે તે અંગેની કોઈ જાણ ફરીયાદીને કરવામાં આવેલ નહી આથી ગઈ તા.૧૬/૯/૨૦૧૯ ના રોજ ફરીયાદીએ સી.આર.પી.સી.ની કલમ–૧૫૪(૩) મુજબ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢને ફરીયાદ કરેલ હતી તેમ છતા આ કામના આરોપી વિરૂધ્ધ આજદિન સુધી કોઈપણ જાતની કાર્યવાહી ન કરતા, નામ.કોર્ટે પાસેથી ન્યાય મેળવવાનો એકમાત્ર વિકલ્પ બચેલ હોય, આથી હાલની ફરીયાદ કરેલ છે. વધુમાં ફરીયાદી તથા આરોપી એક જ કુટુંબના સભ્યો છે તથા ફરીયાદીના ગુજરનાર પિતાજી નાગજીભાઈ કાલીદાસભાઈ વ્યાસને કુલ પાંચ પુત્રો જેમાં અનુક્રમે (૧) ચંદુલાલ (૨) રતીલાલ (૩) જ્યંતિલાલ (૪) નારણજી (૫) નર્મદાશંકર નાગજી વ્યાસ જેમાં તેઓના સુયંકત કુટુંબનો તમામ વહીવટ ચંદુલાલ નાગજી વ્યાસ કરતા હતા. વધુમાં ફરીયાદીના ગુજ.પિતાજીના કુલ પાંચ પુત્રો પૈકી ફરીયાદી સિવાયના તમામ ચારેય પુત્રોનુ અવસાન થયેલ છે. ફરીયાદી તથા આરોપી વચ્ચે સ્થાવર તેમજ જંગમ મીલ્કતનુ વિભાજન

રાજીખુશીથી ગઇ તા.૧૧/૧૨/૧૯૮૧ ના રોજ વહેંચણી દસ્તાવેજ આધારે કરવામાં આવેલ અને સદરહુ વહેચણી દસ્તાવેજ મુજબના સૌ સૌ એ કબ્જા સંભાળી લીધેલા અને સદરહુ વહેંચણી દસ્તાવેજ મુજબ માણાવદર તાલુકાના બાંટવા મુકામે આવેલ સીટી સર્વે નં.૨૭૫૮ "શ્રી હરી ઓઈલ મીલ એન્ડ જીનિંગ ફેકટરી" ના નામે ઓળખાતી જીનિંગ મીલ તથા તેમા આવેલ હર્ષદ આયર્ન ઈન્ડસ્ટ્રીઝના નામે ઓળખાતુ લોખંડનું કારખાનું તેમજ તેમાં આવેલ ગોડાઉન તેમજ મીલ કામ કરતા મજુરને રહેવા માટેના કવાર્ટર અને ફરીયાદીના રહેણાકી મકાનવાળી મિલ્કત જેનુ કુલ ક્ષેત્રફળ ચો.મી.૭૧૭૨ જમીન ફરીયાદી તેમજ ફરીયાદીના ભાઈ રતીલાલ નાગજી વ્યાસ તેમજ આ કામના આરોપીના દાદા ગુજરનાર ચંદુલાલ નાગજીભાઇ વ્યાસ એમ કુલ ત્રણ ભાગીદારોના હિસ્સે આવેલ અને તે સદરહુ મિલ્કતના તેઓ ત્રણ ભાગીદારે પૈકી આ કામના આરોપીના દાદા ગુજરનાર ચંદુલાલ નાગજીભાઈ વ્યાસ તે મિલ્કતનો તમામ વહીવટ સંભાળતા હતા. હાલના આરોપી એટલે એ હકીકત જાણતા હોવા છતા સદરહુ મિલ્કતના પ્રોપર્ટી કાર્ડમાં વારસાઇ નોંધ નં.૨૯૯૦ તા.૧૮/૯/૧૮ ના કામે ફરીયાદી તેમજ ફરીયાદીના ભાઈ રતીલાલ નાગજી વ્યાસના હયાત વારસદાર રાજેશ રતીલાલ વ્યાસનો હકક, હિસ્સો ડુબાડી દેવાના મલીન ઈરાદે ખોટુ સોગંદનામું કરી અને સદરહુ નોંધ નં.૨૯૯૦ પ્રમાણિત કરાવેલી અને તે નોંધ પ્રમાણિત થતા સદરહુ મિલ્કત પૈકી ગઈ તા.૧૫/૫/૨૦૧૯ ના રોજ આ કામના આરોપી તથા અન્ય સહહિસ્સેદારો એ "વાદગ્રસ્ત મિલ્કત" પૈકી ચો.મી.૧૨૫૪.૧૯૫ ચો.મી.નુ વેચાણ દસ્તાવેજ નં.૫૬૩/૨૦૧૯ થી ફરીયાદીની કોઇ પણ જાતની સંમતિ લીધા વગર જાણ કર્યા વગર ટ્રાન્સફર કરી નાખેલી જે આખો વ્યવહાર મુળથી જ શંકા ઉત્પન્ન કરે તેવો હોય, ફરીયાદીએ હાલની ફરીયાદ મોડી કરવાનુ કારણ એ છે કે, આ કામનાં આરોપી સાથે મળી સમાધાનનો પ્રયત્ન કરેલો તેમ છતાં આ કામનાં આરોપી ખુબજ માથાભારે અને ઝનુની સ્વભાવના તેમજ આર્થીક રીતે ખુબજ સક્ષમ હોવાથી નહી સમજતા ના છુટકે હાલની ફરીયાદ કરવાની ફરજ પડેલ છે. જેથી હાલની

ફરીયાદ લાવી અરજ કરેલ છે કે (૧) આ કામનાં આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૧૫૬(૩) મુજબ ગુન્હો દાખલ કરી તપાસ કરવા અર્થે આકામનાં આરોપી ધરપકડ કરવાનો હુકમ ફરમાવવા માણાવદર પોલીસ સ્ટેશનને હુકમ ફરમાવવા તેમજ ફરીયાદ અનુસંધાને મળતી તથા નામ.કોર્ટને યોગ્ય લાગે તેવી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૩) વધુમાં ફરીયાદી ધ્વારા તેઓની ફરીયાદના અનુસંધાને નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

| | |
|---|---|
| માર્ક ૩/૧ | આરોપીએ ભાગીદારી પેઢીના વારસદારો અંગે કરેલ સોગંદનામું |
| માર્ક ૩/૨ | ફરીયાદીએ માણાવદર પો.સ્ટે.માં આરોપી સામે આપેલ ફરીયાદ |
| માર્ક ૩/૩ | ફરીયાદીએ આરોપી સામે એસ.પી.,જુનાગઢને આપેલ ફરીયાદ |

(૪) ઉપરોકત ફરિયાદ અન્વયે મારા પુરોગામી ન્યાયાધીશ શ્રી ધ્વારા આંક–૧ લગત હુકમ કરી હાલની ફરિયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૧૦ અન્વયે હાલની ફરિયાદને ફોજદારી ઈન્કવચારી તરીકે દાખલ કરી માણાવદર પોલીસ સ્ટેશનના માહીતગાર અધિકારી ધ્વારા અરજદારે આપેલ ફરિયાદ સંદર્ભે શું કાર્યવાહી કરેલ તે લગતનો વિગતવારનો રીપોર્ટ મંગાવવામાં આવેલ હતો.

(૫) આ કામે પોલીસ ધ્વારા તેઓનો રીપોર્ટ આંક–૪ થી રજુ કરવામાં આવેલ છે. પોલીસ ધ્વારા તેઓના રીપોર્ટ સંદર્ભે જણાવવામાં આવેલ છે કે, આ કામના ફરીયાદીએ પોલીસ અધિક્ષકશ્રી, જુનાગઢને અરજી કરતા સદર અરજીની તપાસ માણાવદર પોલીસ સ્ટેશનમાં મળતા, સદર તપાસ જે તે વખતના પો.સ.ઈ. એન. વી.આંબલીયાએ સંભાળેલ જેઓએ અરજીના કામે તપાસ કરતા અરજદારે સામાવાળા સામે કરેલ આક્ષેપ અન્વયે તપાસ કરતા સદરહુ સીટી સર્વે નં.૨૭૫૮ નો બાંટવા સીટીનો હોય અને અરજદારે સદરહુ સર્વે નં.૨૭૫૮ માં પોતાની કોઈ સમંતી વગર સામાવાળાએ ખોટુ સોગંદનામુ કરી વેચાણ દસ્તાવેજ નં.૫૬૩/૧૯ થી વેચાણ કરેલ હોવાનુ જણાવેલ જે અન્વયે સામાવાળાનુ નિવેદન લીધેલ જેમાં પોતે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ જેમાં સદરહુ સર્વે નં.૨૭૫૮ માં ગામ નમુના નં.૨ માં તથા પ્રોપર્ટી કાર્ડમા આ

કામના અરજદારનુ નામ નથી અને અરજદારે જણાવેલ દસ્તાવેજ નં.૫૬૩/૧૯ માં સદરહુ મીલ્કતમા જે નામો છે તેની સમંતી સહીઓ લેવામાં આવેલ છે તે પછી દસ્તાવેજ કરવામા આવેલ અને આ કામના અરજદારનુ નામ મીલ્કતમાં કયાંય ન હોય જેથી સદરહુ દસ્તાવેજ કરતી વખતે તેની સમંતી કે પરવાનગી લીધેલ ન હોવાનુ સામાવાળાએ નિવેદનમાં જણાવેલ હોય અને સામાવાળાએ રજુ કરેલ નકલોને પણ સમર્થન મળતુ હોય અને આ કામના અરજદારે આ બાબતે નામ.વંથલી સીવીલ કોર્ટમા સ્પે.દી.મુ.નં.૧૨/૧૯ થી દાવો દાખલ કરેલ જે હાલ ચાલુ હોય જેથી સદરહુ બાબત કોર્ટ મેટર પણ હોય અને સદરહુ સીટી સર્વે નં.૨૭૫૮ નો સર્વે નંબર બાંટવા સીટીમાં આવેલ હોય જેથી આ બાબતે અન્ય કાર્યવાહી અત્રેના પો.સ્ટે.માં કરવાની થતી ન હોય જે અંગે અરજદારને યોગ્ય પ્રત્યુતર પાઠવી જે તે વખતે અરજદારની અરજીનો નિકાલ કરવામા આવેલ હતો તેમ જણાવી રીપોર્ટ સાથે જરૂરી કાગળોની નકલો સામેલ રાખેલ છે.

(૬) ઉપરોકત રીપોર્ટ સંદર્ભે આ કામના અરજદાર તરફે આંક-૭ થી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

| | |
|---|---|
| માર્ક ૭/૧ | ફરીયાદી તથા ભાગીદારોની ભાગીદારી પેઢીના નામે ખરીદ કરેલ સવાલવાળી મિલ્કતનુ રજી.દ.નં.૭૪૩/૧૯૬૯ |
| માર્ક ૭/૨ | ફરીયાદીની ભાગીદારી પેઢીનું રજીસ્ટ્રેશન ફોર્મ |
| માર્ક ૭/૩ | ફરીયાદીની ભાગીદારી પેઢીનુ રજીસ્ટ્રેશન થયાનુ સર્ટીફીકેટ |
| માર્ક ૭/૪ | ભાગીદારી પેઢીનુ ખરીદ-સંગ્રહ કરવાનુ લાયસન્સ |
| માર્ક ૭/૫ | ભાગીદારી પેઢીનુ આઈ.ટી.રીટર્ન ૧૯૮૦-૮૧ |
| માર્ક ૭/૬ | ભાગીદારી પેઢીના ભાગીદારોએ ચંદુલાલ નાગજીભાઈ વ્યાસ જોગ કરી આપેલ કુલમુખત્યારનામું |
| માર્ક ૭/૭ | ભાગીદારી પેઢીનો ભાગીદારી દસ્તાવેજ |
| માર્ક ૭/૮ | ફરીયાદીનુ ધ પીયર લેસ જનરલ ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની દ્વારા ઈશ્યુ કરેલ આઈ કાર્ડ |
| માર્ક ૭/૯ | ફરીયાદીની પુત્રી માયાબેનને જીલ્લા પ્રા.અધિ.,જુનાગઢ કચેરી દ્વારા કરેલ રજી.એડીની નકલ |

માર્ક ૭/૧૦ ફરીયાદીનુ ધ પીયર લેસ જનરલ ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની ધ્વારા ઈશ્યુ કરેલ અપોઈમેન્ટ લેટર

માર્ક ૭/૧૧ ફરીયાદીનુ ધ પીયર લેસ જનરલ ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કંપની ધ્વારા ઈશ્યુ કરેલ વેલ્ફેર ઈન્ડોમેન્ટ સર્ટીફીકેટ

માર્ક ૭/૧૨ થી માર્ક ૭/૧૪ ફરીયાદીની એલઆઈસી પોલીસી

માર્ક ૭/૧૫ ફરીયાદીએ નામ.વંથલી કોર્ટમાં દાખલ કરેલ સ્પે.દી.મુ. નં.૧૨/૨૦૧૯ ના કામે આંક–૫ તળે થયેલ હુકમ

(૬) આ કામના અરજદાર ધ્વારા તેઓની અરજી લગતની હકીકત વંચાણે લીધી. આ કામના અરજદાર ધ્વારા હાલની અરજી ઈ.પી.કો. કલમ–૧૨૦(બી),૧૯૧, ૧૯૨, ૧૯૬, ૪૨૦, ૪૬૪, ૪૬૬, ૪૬૭, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૭૪ અન્વયેની દાખલ કરવામાં આવેલ છે. આ કામના અરજદારની અરજી તથા રેકર્ડ પર રજુ થયેલ પુરાવાઓની તેમજ માણાવદર પોલીસ સ્ટેશનનો અભિપ્રાય વંચાણે લેતાં, આ કામના અરજદાર તથા સામાવાળા એકજ કુટુંબના સભ્યો છે તથા આ કામના સામાવાળા ધ્વારા અરજદારની મિલ્કત ખોટો દસ્તાવેજ કરી તેમના નામે કરી લેતા અરજદાર ધવારા માણાવદર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરવા છતા કોઈ કાર્યવાહી ન થતા અત્રેની અદાલતમાં હાલની ફરીયાદ દાખલ કરેલ છે. વધુમાં અરજદાર ધ્વારા હાલની ફરીયાદ દાખલ કરતા અત્રેની અદાલત ધ્વારા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૧૦ હેઠળ માણાવદર પોલીસ સ્ટેશનનો રીપોર્ટ મંગાવતા, આંક–૪ ના રીપોર્ટમાં જણાવ્યા મુજબ સદરહુ સર્વે નં.૨૭૫૮ માં ગામ નમુના નં.૨ માં તથા પ્રોપર્ટી કાર્ડમા આ કામના અરજદારનુ નામ ન હોવાનુ તથા અરજદાર ધ્વારા જણાવવામાં આવેલ દસ્તાવેજ નં.૫૬૩/૧૯ માં સદરહુ મીલ્કતમા જે નામો છે તેની સંમતી લીધા બાદ દસ્તાવેજ કરવામા આવેલ હોવાનુ અને આ કામના અરજદારનુ નામ મીલ્કતમાં કયાંય ન હોય, દસ્તાવેજ કરતી વખતે તેની સંમતી કે પરવાનગી લીધેલ ન હોવાનુ સામાવાળાએ નિવેદનમાં જણાવેલ હોવાનુ તથા સામાવાળા

એ રજુ કરેલ નકલોથી સમર્થન મળતુ હોવાનુ તથા આ વાદગ્રસ્ત મિલ્કત અંગે અરજદારે દાખલ કરેલ સ્પે.દી.મુ.નં.૧૨/૧૯ નામદાર વંથલી કોર્ટમાં હાલ ચાલુ હોવાનુ જણાઇ આવે છે. તેવી જ રીતે અરજદાર તરફે માર્ક–૭૧/૧૫ થી રજુ કરેલ સ્પે.દી.મુ.નં.૧૨/૧૯ ના આંક–૫ તળે થયેલ હુકમની નકલ પરથી પણ સદર હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે.

(૮) આમ, ઉપરોકત હકીકત વંચાણે લેતા, અરજદાર ધ્વારા દાખલ કરવામાં આવેલ અરજીમાં જણાવ્યા મુજબ વાદગ્રસ્ત મિલ્કતનો અરજદારનો હકક સામાવાળા ધ્વારા છીનવી લેવામાં આવેલ હોય તેવુ રજુ થયેલ પુરાવા પરથી પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવતુ નથી. વધુમાં સદર વાદગ્રસ્ત મિલ્કત અંગે વાદી ધ્વારા દાખલ કરવામાં આવેલ સ્પે.દી.મુ.નં.૧૨/૨૦૧૯ હાલમાં નામદાર વંથલી કોર્ટમાં ચાલુ હોય ત્યારે વાદગ્રસ્ત મિલ્કત અંગે અરજદાર ધ્વારા જયારે સિવિલ રાહે દાદ માંગવાામાં આવેલ હોય તેમજ સામાવાળા ધ્વારા ખોટો દસ્તાવેજ બનાવી અરજદારની વાદગ્રસ્ત મિલ્કત તેઓના નામે કરી લીધેલ હોવાનુ પુરાવાઓ પરથી નીકળી આવતુ ન હોય ત્યારે હાલની ફોજદારી ઈન્કવાયરી અંગે કોઈ નિર્ણય કરવો ન્યાયોચિત જણાઈ આવતો ન હોય, હાલની ફરિયાદ, ફરિયાદ રજીસ્ટરે લેવાપાત્ર થતી ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ હોય, સબબ આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

(૧) અરજદારની હાલની અરજી ક્રિ.પ્રો. કોડની કલમ ૨૦૩ અન્વયે નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ : ૯મી, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

માણાવદર
તા.૦૯–૦૪–૨૦૨૬

( અતીત મહેશકુમાર મહેતા )
જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
માણાવદર
Judge Code : GJ01521